# ખુરશી મળ્યા પછી બધા પોતાનુ જ વિચારે છે

## કેપીટલ સીટી હોવા છતાં નાની નાની બાબતે અમદાવાદ પર નિર્ભર રહેવુ પડે છે : મોંઘવારીમાં પીસાવાનો વારો મધ્યમ વર્ગનો જ આવે છે : શિક્ષણમાં વધી ગયેલી બદીઓ પર અંકુશ જરૂરી

ગાંધીનગર, તા. ૨૮

દેશની ૧૬મી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ રૂમઝુમ કરતીક આંગણે આવીને ઉભી છે, મતદાનના આડે હવે માત્ર એક જ દિવસ બાકી છે અને દરેક રાજકિય પક્ષોના સ્ટાર પ્રચારકો તેમના છેલ્લી ઘડીના ઝંઝાવાતી પ્રચારો કરીને માંડ જંપ્યા છે. ગાંધીનગર લોકસભાની બેઠક આખા ગુજરાતમાં ખૂબ જ અનોખી છે. આ બેઠકના મતદારોમાં આખા ગુજરાત રાજ્યની તમામ બેઠકો કરતા સૌથી વધુ મહિલા મતદાતાઓ નોંધાયા છે પરંતુ આટલી મોટી મહિલા શક્તિ ધરાવતી આ બેઠક પર ચૂંટણી લડવા ઉભા રહેલા કુલ ૧૮ ઉમેદવારોમાં માત્ર એક જ મહિલા ઉમેદવાર છે, શું આ મહિલા સશક્તિકરણના બણગા ફુંકતા રાજકારણીઓ હકીકતમાં મહિલાઓને કેટલુ મહત્વ આપે છે તેનો બોલતો પુરાવો નથી ? આ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા એક માત્ર મહિલા ઉમેદવાર દિપીકાબેન મારૂ એ અપક્ષ ઉમેદવાર છે, તો શુ કોઈ રાજકીય પક્ષને આટલી મોટી સંખ્યામાં મહિલા મતદાતાઓ ધરાવતી બેઠક માટે એક પણ મહિલા ઉમેદવાર ઉભા કરવાનું યોગ્ય ના લાગ્યું ? અત્યાર સુધીમાં ઈલેક્શન લાઈવમાં અમોએ અનેક મતદારોના અભિપ્રાયો આપની સમક્ષ રજૂ કર્યા પરંતુ આજનો અમારો પ્રયાસ માત્ર અને માત્ર મહિલાઓના અવાજને રજૂ કરવાનો છે. ગાંધીનગરના વિવિધ વિસ્તારમાં રહેતી ગૃહિણીથી લઈને વિવિધ વ્યવસાયી અને યુવા વિદ્યાર્થી મહિલા મતદાતા આ ચૂંટણીઓ માટે શુ વિચારે છે, શુ અપેક્ષા રાખે છે અને તેનો અભિપ્રાય શુ છે તે જાણવા પ્રયાસ કર્યો છે.

**● લીના ગાંધી : સેક્ટર-૨૨, વ્યવસાય : ગૃહિણી**



"આ દેશમાં જે કોઈ પણ ખુરશીમાં બેસે છે તે દરેક ભ્રષ્ટાચાર કરે છે. ભ્રષ્ટાચાર જાણે એક શિરસ્તો જ બની ગયો છે અને લોકો પણ તેને ખૂબ હળવાશથી લેવા માંડ્યા છે, હું તેને જ મત આપવાનું પસંદ કરીશ જે ભ્રષ્ટાચારને નાથવા પ્રયત્ન કરશે. કોઈ એક ઉમેદવાર ભ્રષ્ટાચારને અંકુશમાં લેવા સક્ષમ નથી તે માટે તેના પક્ષની વિચારધારા પણ એટલી જ મહત્વની છે. જો ભ્રષ્ટાચાર પ્રત્યે અસરકારકતાથી કાર્ય લેવા પક્ષ પ્રતિબદ્ધ હશે તો તે અંકુશ લાવી શકશે. ઉમેદવાર જો સ્થાનિક હોય તો સ્થાનિક પ્રશ્નોને સારી રીતે સમજી શકે. પરંતુ મને પક્ષની વિચારધારાને ધ્યાનમાં રાખીને મત આપવો વધુ યોગ્ય લાગે છે. મારી દ્રષ્ટિએ બીજો અગત્યનો મુદ્દો દેશની સુરક્ષા છે જે ખૂબ મહત્વની છે. વિશ્વમાં આપણે સુરક્ષામાં સૌથી વધુ ખર્ચ કરીએ છીએ પણ સરવાળે મીંડુ જ મળે છે, છાશવારે દુશ્મન દેશો આપણી સુરક્ષા ખોરવી નાંખે છે. આ બાબતે હું નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદે પસંદ કરવા માંગુ છુ. જેથી આપણુ રાષ્ટ્ર વિશ્વમાં સ્વમાનભેર ઉભુ રહી શકે અને આપણા સૈનિકોનો જુસ્સો પણ જળવાઈ રહે."

**● ભારતીબેન ભાવસાર : સેક્ટર-૮, વ્યવસાય : એડવોકેટ**



"હું ઉમેદવાર કેવો છે તેને ધ્યાનમાં રાખીને જ મારો મત આપવાનું પસંદ કરૂ છું, જો ઉમેદવાર યોગ્ય અને સક્ષમ હશે તો જરૂર સારૂ કાર્ય કરશે. જે ઉમેદવાર પોતે જાતે મત વિસ્તારમાં આવીને સ્થાનિક સમસ્યાઓ અંગે ધ્યાન આપશે તે ઉમેદવારને જ મત આપવો વધુ યોગ્ય રહેશે. તે માટે સ્થાનિક ઉમેદવાર જ વધુ યોગ્ય ગણાય. જે પક્ષ ધર્મભેદ કરાવે, લોકોમાં ધાર્મિક માન્યતાના આધારે મત વિભાજન કરાવે તેને હું ક્યારેય મારો વોટ આપીશ નહી. મારી દ્રષ્ટિએ આ બાબતે જાગૃતિ લાવવાની વધુ જરૂર છે. વળી એક મહિલા હોવાના નાતે મહિલા સુરક્ષાને હું રાષ્ટ્રીય સમસ્યાઓને અગ્રતા આપુ છુ. જે સરકાર મહિલાઓને સુરક્ષા ના આપી શકે તે મારા માટે સંપૂર્ણ નકામી છે. મહિલાઓને સુરક્ષાની સાથે મોંઘવારી બાબતે પણ ઘણી બધી ફરિયાદો છે. અતિશય વધી ગયેલી મોંઘવારીમાં મધ્યમ વર્ગનું શોષણ થાય છે અને તેમાં પીસાવાનો વારો આવે છે. આ ઉપરાંત દેશમાં શિક્ષણ વ્યવસ્થામાં અનામતના કારણે ખૂબ જ અન્યાય થઈ રહ્યો છે. એક તરફ નવી સેમેસ્ટર પદ્ધતિને કારણે વાલીઓ પર ખર્ચનુ ભારણ વધ્યુ છે. તો બીજી તરફ ટ્યુશનની બદીએ પણ માઝા મુકી છે. ખુરશી મળ્યા પછી બધા જ નેતાઓ પોતાનુ જ વિચારે છે પ્રજાનું નહી."

**● શ્વેતા શાહ : સેક્ટર-૨૯, વ્યવસાય - બ્યુટીશીયન**



"ચૂંટણી આવતા જ બધા પક્ષો મોટી મોટી રેલીઓ કાઢવા લાગે છે, પણ લોકોના મનમાં કોને વોટ આપવો તે નક્કી જ હોય છે. અને મોટે ભાગે લોકો પક્ષની વિચારધારાને મહત્વ આપતા હોય છે, હું પણ ઉમેદવાર કરતા પક્ષને વધુ મહત્વ આપીશ. મારા મતે મોંઘવારીને કન્ટ્રોલ કરવી એ સરકારના હાથમાં હોય છે, પણ તેમની નિયત નથી હોતી. મોંઘવારીમાં સૌથી વધુ મરો મધ્યમવર્ગનો જ થાય છે. સરકાર યોજનાઓ આપે છે પણ તેના લાભો સરકારી અધિકારીઓ કે સરકારના મળતીયાઓ જ પચાવીને બેસી જાય છે, અને લોકો સુધી તેના લાભ પહોંચવા દેતા નથી. સરકારી કર્મચારીઓ ઘડીયાળમાં છ ક્યારે વાગે તેની જ રાહ જોતા હોય છે, જેવા છ વાગ્યા એટલે કામ ગમે તેટલુ મહત્વનું હોય છોડીને જતા જ રહે છે જ્યારે ખાનગી કંપનીઓમાં અગત્યનું કામ હોય તો કર્મચારીઓ રાત્રે નવ વાગ્યા સુધી બેસીને પણ પુરૂ કરશે. જે સરકારી કર્મચારીઓ પાસેથી મહત્તમ કાર્ય કરાવી શકે મને તે શાસન કરવા યોગ્ય લાગે છે તે માટે નરેન્દ્ર મોદી વધુ સક્ષમ દેખાય છે. અરવિંદ કેજરીવાલને તક મળી હતી પરંતુ તેમણે વેડફી નાંખી, સરકારી ઘર ન લઈને તેમણે કોઈ ઉપકાર કર્યો નહોતો પણ કાર્ય કરવાની તક ગુમાવીને વધુ નુકશાન કર્યુ છે."

**ઈલેક્શન લાઈવ**

**● ગીતાબેન રાવલ : વાવોલ, વ્યવસાય : શિક્ષિકા**



"મોંઘવારી ઘટાડવાની બધા જ માત્ર વાતો કરે છે, છેલ્લે બધો બોજો પ્રજા પર જ આવે છે. તમે જુઓ ટોલ ટેક્ષથી લઈને નવી શિક્ષણ વ્યવસ્થામાં દર છ મહિને નવા અભ્યાસક્રમો માટેનો અલગ પુસ્તકો. બધા ખર્ચા પ્રજાના શિરે અને નેતાઓ તેમના એશોઆરામમાં મગ્ન થઈ જાય છે. શિક્ષણમાં ખૂબ બદીઓ વધી ગઈ છે, ઊંચી ફી વસુલાય છે, વળી એમાં અંગ્રેજી માધ્યમનો ગાંડો ક્રેજ ઉભો કરી લોકોને ભરમાવાય છે. મારી દ્રષ્ટિએ સરકારી શિક્ષણને વધુ પ્રોત્સાહન મળવુ જોઈએ. અને દેશનો નેતા એવો હોવો જોઈએ જે આ બધી બદીઓ પર અંકુશ મેળવવા વીલ પાવર ધરાવતો હોય. જો ઈચ્છાશક્તિ જ નહી હોય તો કોઈ પણ સરકાર કશુ નહી કરી શકે. અત્યારના નેતાઓમાં તો મને નરેન્દ્ર મોદીમાં જ સૌથી વધુ વીલ પાવર દેખાય છે."

**● અંજનાબેન શુક્લ : સે-૨-ડી, વ્યવસાય : નિવૃત્ત કર્મચારી**



"નરેન્દ્ર મોદી એક કેપેબલ રાજનેતા છે, ગુજરાતનો વિકાસ જેમને ના દેખાતો હોય તેઓ કદાચ જુઠ્ઠા છે અથવા રાજકીય સ્વાર્થના કારણે અવગણના કરતા હોય છે. આંધળાને પણ મનચક્ષુથી દેખાય તેવો ગુજરાતનો વિકાસ થયો છે. હું દેશની સુરક્ષાને પણ પ્રાધાન્ય આપુ છુ, જે રીતે પાકિસ્તાની સૈનિકો આપણા જવાનોના માથા કાપી જાય અને વારે ઘડીએ હુમલાઓ કરે છતાં સરકારના પેટનું પાણી પણ ના હલે તે સરકારને નપુશંક સરકાર જ કહી શકાય. દિલ્હીમાં અને મુંબઈમાં દેશની દિકરીઓ સાથે ધૃણાસ્પદ ઘટનાઓ બને છે છતાં મહિલાઓની સુરક્ષા બાબતે કોઈ જ પગલા લેવાતા નથી. કોર્ટોમાં અઢળક કેસો પેન્ડીંગ પડ્યા છે, લોકોના પગના તળીયા ઘસાઈ જાય છે, ઝડપી નિકાલ માટે ફાસ્ટટ્રેક કોર્ટો બનાવવી જોઈએ. આ ઉપરાંત આપણા દેશમાં સફાઈને પણ ખૂબ મહત્વ આપવાની તાતી જરૂરી છે."

**● નિધિ વસાવડા : સે-૩૦, વ્યવસાય : આઈટી પ્રોફેશનલ**



"ઉમેદવાર ગમે તે પક્ષનો હોય પણ જો કામ ના કરે તો તે શું કામનો ? જે સ્થાનિક સ્તરે કાર્ય કરી જાણશે તે જ રાષ્ટ્રીય સ્તરે પણ કામ કરી શકશે, કારણ કે સમસ્યાઓ પહેલા સ્થાનિક સ્તરે ઉદ્ભવે છે પછી ધીરે ધીરે રાષ્ટ્રીય સ્તરે સ્વરૂપ ધારણ કરે છે. આયાતી ઉમેદવાર પ્રથા બિલકુલ યોગ્ય નથી. અહીંના સંસદસભ્ય પાંચ વર્ષોમાં ક્યારેય આવ્યા નથી, તેમને ખબર પણ છે ખરા કે ગાંધીનગરમાં શું ચાલે છે ? શહેરમાં રેલવેની સગવડનો વિકાસ કરવો ખૂબ જરૂરી છે. કેપીટલ સીટી હોવા છતાં નાની નાની બાબતે અમદાવાદ પર આધાર રાખવો પડે છે. બસોની પણ જોઈએ તેટલી ફિકવન્સી નથી. નગરના મુખ્ય માર્ગો સારા બનાવ્યા છે. પણ સેક્ટરોની અંદરના રસ્તાઓની હાલત સારી નથી. રાષ્ટ્રીય સ્તરે દેશની સુરક્ષા અને મહિલા સુરક્ષા અગ્રીમ હોવી જોઈએ જ્યારે વિકાસકાર્યો ગ્રાસરૂટ લેવલે પહોંચે તેવા હોવા જોઈએ."

**● કોમલ પટેલ : સેક્ટર-૪, વ્યવસાય : વિદ્યાર્થિની**



"દેશમાં લોકપ્રતિનિધિ ચૂંટવો એ નાગરિકો માટે મહત્વની જવાબદારી છે. જેથી લોકપ્રતિનિધિ લોકોપયોગી અને સમાજને ઉપયોગી હોવા જોઈએ. લોક પ્રતિનિધિ એ સ્થાનિક લોકો અને મતદારો સાથે સીધો જનસંપર્ક કરવો જોઈએ. લોકસભા સંસદીય મત વિસ્તારમાં આવતા તમામ વિધાનસભા મતવિસ્તારોમાં એક એક જનસંપર્ક કેન્દ્ર ઉભા કરવા જોઈએ જેથી લોકો પોતાની સમસ્યા અંગે રજૂઆત કરી શકે. તેમણે એક માસમાં કમસે કમ એકવાર તો મતવિસ્તારના બુદ્ધીજીવીઓ, ડોક્ટર્સ, એન્જીનીયર્સ, સમાજસેવકો, શિક્ષકો અને વકીલોની મદદ લઈ સમાજના નીચલા વર્ગના લોકોના વિકાસ પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરવી જોઈએ. લોકપ્રતિનિધિએ સ્થાનિક કોર્પોરેટર્સ અને ધારાસભ્યો સાથે સંકલન બનાવી સ્થાનિક લોકોની સમસ્યાને સમજી જરૂરિયાત મુજબ પોતાની ગ્રાન્ટનો મહત્તમ ઉપયોગ કરી સુવિધાઓ ઉભી કરવી જોઈએ. હવે માત્ર બસસ્ટેન્ડ બનાવી કે બાંકડા મુકવાથી નહી ચાલે. સમાજ ઉપયોગી અને મજબૂત, મક્કમ કાર્યશક્તિ ધરાવનાર જ લોકપ્રતિનિધિ હોવો જોઈએ."

**● ડો. વિધિ શુક્લ : સે-૨-એ, વ્યવસાય : આયુ. ડોક્ટર**



"એક યુવા તરીકે મને સૌથી પહેલા તો મારો દેશ અને મારૂ નગર સ્વચ્છ હોય તે ગમે છે અને તેના માટે કચરા નિકાલની યોગ્ય વ્યવસ્થા હોવી જરૂરી છે. વિદેશોમાં આ બાબતે ઘણી અસરકારક સીસ્ટમ હોય છે. તેનો આપણે પણ અમલ કરવો જોઈએ. દરેક પ્રકારના કચરા માટે અલગ અલગ રંગની ડસ્ટબીન વાપરવી જોઈએ. જેથી નિકાલ કરવામાં પણ વધુ સરળતા રહે. એક આયુર્વેદિક ડૉક્ટર હોવાના નાતે હેલ્થક્ષેત્રે એલોપેથીનો હું વિરોધ નથી કરતી પણ એલોપથીની સાથે આર્યુવેદિક અને હોમિયોપેથી જેવી પદ્ધતિઓનો યોગ્ય વિકાસ ખૂબ જ જરૂરી છે. ગુજરાતમાં રોડ, રસ્તા અને સફાઈ બાબતે સારી સ્થિતિ છે, વિજળીના દર બધાને પોષાય તેવા હોવા જોઈએ તેવું હુ માનુ છુ. રાષ્ટ્રીય સ્તરે ભ્રષ્ટાચાર અને વિકાસ દેશ માટે અગત્યના મુદ્દા છે પરંતુ શિક્ષણનો વિકાસ સૌથી વધુ જરૂરી છે, તેને ધર્મથી અલગ રાખીને તેને મુલવવુ જોઈએ. એક યુવા મતદાતા તરીકે વડાપ્રધાન પદે મને નરેન્દ્ર મોદીની વિચારસરણી વધુ યુવાગીરી અને જોશીલી જણાય છે."

# રાજ્યમાં ચૂંટણીમાં એક લાખ સુરક્ષા કર્મચારીઓ તૈનાત

## મુક્ત, ન્યાયી તેમજ પારદર્શક વાતાવરણમાં ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય એ માટે ચૂંટણી પંચ દ્વારા પર્યાપ્ત વ્યવસ્થા થઇ

ગાંધીનગર, તા.૨૮

રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી અનિત કરવલે જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યમાં યોજાનારી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૪માં મતદાન આગામી ૩૦ એપ્રિલ ૨૦૧૪, બુધવારના રોજ ૪૫,૩૮૦ મતદાન મથકો ઉપર યોજાશે. ચૂંટણી પંચ દ્વારા ૨૭૩૬૭ મતદાન મથક વિસ્તારો સુનિશ્ચિત કરવામાં આવ્યા છે. મતદાન ગુજરાત રાજ્યની ૨૬ બેઠકો માટે યોજાનાર છે. મુક્ત, ન્યાયી અને પારદર્શક વાતાવરણમાં ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય એ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા પર્યાપ્ત વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

અનિતા કરવલે જણાવ્યું છે કે ઉનાળાની ગરમીના કારણે મતદારોને મત આપવામાં સરળતા અને અનુકુળતા રહે એ માટે મતદાનના સમયમાં બે કલાકનો વધારો કર્યો છે. આગામી તા. ૩૦મી એપ્રિલના રોજ ગુજરાતમાં યોજાનાર લોકસભાની સામાન્ય ચૂંટણી સહિત સાત વિધાનસભા મતવિસ્તારોની પેટાચૂંટણીમાં મતદાનનો સમય સવારે ૭:૦૦થી સાંજના ૬:૦૦વાગ્યા સુધીનો નક્કી કર્યો છે. ભારતના ચૂંટણી પંચના આ સ્તુત્ય પગલાં વિશે વધુ વિગતો આપતા તેમણે જણાવ્યું છે કે, મતદાન વખતે મતદાનમથકો ઉપરનો ઘસારો નિવારી શકાય અને ઉનાળાની ગરમીના દિવસોમાં મતદારો સરળતાથી તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ભારતનાં ચૂંટણી પંચ સૌપ્રથમવાર મતદાનના સમયમાં બે કલાકનો વધારો કર્યો છે.રાજ્યના ચૂંટણી તંત્રના મતદાન નોંધણી માટેના વ્યાપક અને સઘન પગલાંના પરિણામે ગુજરાતમાં કુલ ૭,૦૭,૦૦૬ નવા મતદારોનો વધારો થતાં તા. ૩૦મી એપ્રિલ ૨૦૧૪ના રોજ ગુજરાતની લોકસભાની ૨૬ બેઠકો માટે યોજાનાર સામાન્ય ચૂંટણીઓ ૨૦૧૪માં ૪,૦૫,૭૮,૫૭૭ મતદારો મતદાન કરી શકશે. આ પૈકી ૨,૧૨,૧૦,૨૯૧ પુરૂષ મતદારો, ૧,૯૩,૬૮,૦૦૧ મહિલા મતદારો અને ૨૮૫ અન્ય મતદારો છે. આ ઉપરાંત મતદાર ફોટો ઓળખકાર્ડની કામગીરીને વ્યાપક બનાવાતા આ કામગીરી ગુજરાત રાજ્યમાં ૯૯.૯૯ ટકા પરિપૂર્ણ છે. ગુજરાતમાં ૧૦૦ વર્ષથી વધુ ઉંમરના ૮૧૪૩ મતદારો છે, જે પૈકી સૌથી વધુ સુરત જિલ્લામાં ૧૨૩૯ મતદારો છે, જ્યારે સૌથી ઓછા ડાંગ જિલ્લામાં પાંચ મતદારો છે. વયજૂથ પ્રમાણે મતદારોની સંખ્યા અંગે કરવલે જણાવ્યું છે કે ૧૮ થી ૧૯ વર્ષની વયજૂથ વચ્ચેના ૧૧,૬૭,૯૯૪ મતદારો છે. ૨૦થી ૨૯ વર્ષ વચ્ચેના ૧,૦૩,૧૬,૨૫૩ મતદારો, ૩૦થી ૩૯ વર્ષ વચ્ચેના ૧,૦૨,૦૧,૯૮૪ મતદારો, ૪૦ થી ૪૯ વર્ષ વચ્ચેના ૭૯,૩૮,૧૫૨ મતદારો, ૫૦થી ૫૯ વર્ષવચ્ચેના ૫૬,૧૬,૬૦૯ મતદારો, ૬૦ થી ૬૯ વર્ષ વચ્ચેના ૩૨,૨૪,૩૮૭ મતદારો, ૭૦થી ૭૯ વચ્ચેના મતદારો ૧૬,૦૬,૧૫૩ અને ૮૦ થી વધુ વય ધરાવતા રાજ્યમાં ૫,૦૭,૦૪૫ મતદારો છે. લોકસભા ચૂંટણીમાં ગુજરાત રાજ્યમાં કુલ ૫૪૭ ઉમેદવારોએ તેમના ઉમેદવારીપત્રો ભર્યા હતા. ૧૦-૪-૨૦૧૪ ગુરવારના રોજ ઉમેદવારીપત્રોની ચકાસણી બાદ ૧૩૪ ઉમેદવારોના ઉમેદવારીપત્રો રદ થયા હતા અને હવે ચૂંટણી જંગમાં ૪૧૩ ઉમેદવારો રહે છે. વિધાનસભાની સાત મતદાન વિભાગની પેટાચૂંટણીઓ માટે કુલ ૧૨૯ ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા હતા. ઉમેદવારીપત્રોની ચકાસણી બાદ ૨૫ ઉમેદવારીપત્રો રદ થતાં વિધાનસભાની સાત બેઠકો માટેની પેટાચૂંટણીની સાત બેઠકો માટેની પેટાચૂંટણીઓમાં હવે ૧૦૪ ઉમેદવારો રહે છે.

### પોલીસ ફરિયાદ કરાશે

*● અનુસંધાન પહેલાનું ચાલુ*

ઉપયોગ થઈ રહ્યો છે અને તેના અનુભવો બાદ પંચે આ નિર્ણય લીધો છે.

વી.વી. પેટ પરના સ્ક્રીન પર મતદારે આપેલ મત સાત સેકન્ડ સુધી દેખાવાનો છે. વી.વી. પેટના ઉપયોગને લઈ મતદાન ધીમુ થવાનો ભય તંત્રને પણ સતાવી રહ્યો છે અને તેથી જ સાંજના ૬ કલાક પહેલાં મતદાન મથકમાં પ્રવેશેલ તમામ મતદારો પોતાના મતાધિકારનો ઉપીયોગ કરી શકશે તેવો સ્પષ્ટ નિર્દેશ પણ પંચે આપ્યો છે.

એક મતદારને મતદાનમાં ૨૦ સેકન્ડ જેટલો સમય લાગશે અને તેથી એક મિનિટમાં ત્રણ જેટલા જ મતદારો મતદાન કરી શકશે. ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં ૧૭ લાખ ૩૩ હજાર જેટલા નોંધાયેલા મતદારો છે. ગરમીના કારણે પંચ દ્વારા મતદાનના સમયમાં બે કલાકનો વધારો કરવામાં આવ્યો છે. પરંતુ વી.વી. પેટને લઈ મતદાન ધીમુ થવાનો ભય તંત્રના અધિકારીઓને સતાવી રહ્યો છે. તંત્રએ આ માટે પુરી તૈયારીઓ કરી છે. જેમાં સેક્ટરલ ઓફિસરોને બે વી.વી. પેટ તેમજ એક ઈ.વી.એમ. સાથે રાખવાની સૂચના છે. જેથી ક્ષતિગ્રસ્ત થાય તો પણ ૧૦ મિનિટમાં જ તે બદલી શકાય. વી.વી. પેટ માટે ૨૮ ઈજનેરોની ટીમ પણ સતત મતદાનના દિવસે સાતેય વિધાનસભા મત વિસ્તારોમાં ઘુમતી રહેશે જેથી કોઈ પ્રશ્નો તકનીકી ઉભા ન થાય.

તંત્રએ આ માટે ૬ વાગ્યા પહેલાં મતદાન મથકમાં પ્રવેશ કરનાર તમામ મતદારોને ટોકન આપવાની પણ સૂચના આપી છે.

ચૂંટણી પંચ માટે ગાંધીનગર સંસદીય મત વિસ્તાર એ સફળ પ્રયોગશાળા બની રહેલ છે. અને આ વખતે પણ તંત્ર તેના આયોજનને લઈ આ વી.વી. પેટનો પ્રયોગ પણ સફળ રહેશે તેવો વિશ્વાસ ધરાવે છે.

### પોલીંગ પાર્ટી રવાના થશે

*● અનુસંધાન છેલ્લાનું ચાલુ*

તેમની હાજરીમાં વી.વી. પેટ અને બેલેટ યુનિટ જોડી કાર્યરત કરી દેવામાં આવશે.

જિલ્લા કલેક્ટરશ્રીએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં મતદાન માટેની સંપૂર્ણ તૈયારીઓ થઈ ચુકી છે. વોટર્સ સ્લીપનું વિતરણ ૯૦ ટકા થયુ છે. તેમણે જણાવ્યુ હતુ કે ૧૨ મોડેલ પોલીંગ સ્ટેશન બનાવવામાં આવ્યા છે.

સર્વિસ વોટર્સના પોસ્ટલ બેલેટ પણ રવાના કરી દેવામાં આવ્યા છે. જેમ જેમ આ પોષ્ટલ બેલેટ જે તે અધિકારીને મળતાં તે સ્ટ્રોંગરૂમમાં જમા કરાશે. મતદાન મથકેથી મતદાન પૂર્ણ થયા બાદ જે ઈ.વી.એમ. અને સામગ્રી આવશે તે માટે ખાસ સ્ટ્રોંગરૂમ પણ તૈયાર કરી દેવામાં આવ્યા છે.

જિલ્લામાં મતદાન મથકો પર છાંયડો તેમજ પેયજળની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક મતદાન મથક પર મતદાર સહાયતા બુથ ઉભા કરવામાં આવશે. તેમણે જણાવ્યુ હતુ કે જે મતદાનનું નામ મતદાન મથક પરની મતદાર યાદીમાં નોંધાયેલ હશે તેઓ જ માત્ર મથકમાં પ્રવેશી શકશે.

મતદાનના દિવસે સરકારી તેમજ ખાનગી એકમો પણ રજા પાળશે. આ દિવસે મતદાનનો સમય સવારના ૭ થી સાંજના ૬ કલાક સુધીનો રહેશે.

